ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના ૧૮૬૩

નવસારી-વલસાડ-વાપી

૪ | શનિવાર 3 ઓક્ટોબર, ૨૦૨૬ | ચીખલી | બીલીમોરા | વાંસદા | પારડી | ધરમપુર | ઉમરગામ | ડુંગરી | દમણ | સેલવાસ | આહવા | વઘઇ

હવામાન

	મહત્તમ	લઘુતમ
નવસારી	૩૬.૦° સે.	૨૩.૦° સે.
આહવા	૩૬.૦° સે.	૨૦.૦° સે.
વલસાડ	૩૬.૦° સે.	૨૪.૦° સે.
વાપી	૩૬.૦° સે.	૨૪.૦° સે.

વન્યજીવન સપ્તાહની વિવિધ પ્રવૃત્તિઓનો પ્રારંભ, 500થી વધુ વિવિધ વન્યજીવો

સાતમાલિયા વાઈલ્ડલાઈફ સેન્ચુરી ફરી શરુ

જાળવણી માટે સેલવાસનું ત્રણ મહિનાથી બંધ રહેલું અભયારણ્ય ખુલ્લું મૂકવામાં આવ્યું

સેલવાસ : વન્યજીવ સંરક્ષણ અને પર્યાવરણ અંગે જનજાગૃતિ વધારવાના હેતુથી 2 ઓક્ટોબરથી સાતમાલિયા વાઈલ્ડલાઈફ સેન્ક્ચુરી ફરી એકવાર સામાન્ય પ્રવાસીઓ માટે ખુલ્લું મૂકવામાં આવ્યું છે. છેલ્લા ત્રણ મહિનાથી જાળવણી અને સુરક્ષાના કારણોસર બંધ રહેલા અભયારણ્યના પુનઃપ્રારંભથી પ્રકૃતિપ્રેમીઓ અને પ્રવાસીઓમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

સાતમાલિયા વાઈલ્ડલાઈફ સેન્ક્ચુરી આશરે 410 હેક્ટર વિસ્તારમાં ફેલાયેલું છે. આ વિશાળ કુદરતી વિસ્તારમાં 500થી વધુ વિવિધ પ્રકારના વન્યજીવો હોવાનું જણાવાયું છે. ચોમાસા બાદ ફરી ખુલેલા આ અભયારણ્યમાં પ્રવાસીઓને કુદરતની નજીક રહી વન્યજીવોનું અવલોકન કરવાનો અનોખો અનુભવ મળશે.





સ્કૂલના બાળકો માટે ટ્રેકિંગ કેમ્પનું આયોજન

સવારે સ્કૂલના બાળકો માટે વિશેષ ટ્રેકિંગ કેમ્પ યોજાયો હતો. બાળકો દ્વારા કુદરતી વાતાવરણમાં ઉત્સાહપૂર્વક ભાગ લેવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી (GNLU)ના વિદ્યાર્થીઓ, વન વિભાગના ફીલ્ડ સ્ટાફ તેમજ વિવિધ NGOના પ્રતિનિધિઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ પ્રસંગે વન્યજીવ અને પર્યાવરણના સંરક્ષણ માટે સામૂહિક સંકલ્પ લેવામાં આવ્યો હતો.



પ્રાણીઓ: આ પાર્ક મુખ્યત્વે વિવિધ પ્રજાતિના હરણો માટે પ્રખ્યાત છે. અહીં ચિત્તલ (સ્પોટેડ ડીયર), સાબર, કાળિયાર (બ્લેકબક), ચિંકારા અને નીલગાય મુક્તપણે ફરતા જોઈ શકાય છે.



પક્ષીઓ: પક્ષીપ્રેમીઓ માટે પણ આ જગ્યા ઉત્તમ છે. અહીં મોર, ફ્લેમબેક વૂડપેકર (લક્કડખોદ) અને થ્રશ જેવા સુંદર પક્ષીઓ જોવા મળે છે.

વૉચ ટાવર (માચાન): પાર્કની અંદર એક વૉચ ટાવર આવેલો છે, જ્યાંથી આખા અભયારણ્યનો અને નજીકના મધુબન ડેમનો અદભુત નજારો માણી શકાય છે.



2થી 8 ઓક્ટોબર સુધી વિવિધ સ્પર્ધાઓ અને પ્રવૃત્તિઓ

વન્યજીવન સપ્તાહ દરમિયાન બાળકો અને યુવાનો સહિત નાગરિકોમાં પ્રકૃતિ તથા વન્યજીવો પ્રત્યે રુચિ અને જાગૃતિ વધારવા માટે વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. જેમાં ડ્રોઈંગ સ્પર્ધા, વક્તૃત્વ સ્પર્ધા, રંગોળી અને સ્લોગન સ્પર્ધા, ક્વિઝ સ્પર્ધા, રોમાંચક નાઇટ કેમ્પિંગ જેવી વિવિધ પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે. જેમાં વિજેતા રહેલા સ્પર્ધકોને સન્માનિત કરવામાં આવશે.

4 ઓક્ટોબરે યોજાશે 5 કિલોમીટર મેરેથોન

રવિવાર, 4 ઓક્ટોબરે 5 કિલોમીટર મેરેથોનનું આયોજન કરવામાં આવ્યું છે. આરોગ્ય અને ફિટનેસ સાથે વન્યજીવ તથા પર્યાવરણ સંરક્ષણ અંગે જાગૃતિ ફેલાવવાના હેતુથી યોજાનારી આ મેરેથોનમાં નાગરિકોને મોટી સંખ્યામાં જોડાવા માટે અપીલ કરવામાં આવી છે.

પહેલા 5 લાખ, પછી 10 લાખની ખંડણીની માંગણી

પેરામાં ખંડણી માટે જમીન દલાલના પરિવારને વારંવાર ધમકીભરી ચિઠ્ઠીઓ

બારીનો કાચ તોડ્યો, વાડામાં આગ લગાવતા પોલીસ તપાસમાં જોડાઈ

નવસારી: પેરાગામના પાંચ બંગલા વિસ્તારમાં જમીનના વ્યવસાય સાથે સંકળાયેલા પરિવારને અજાણ્યા શખ્સ દ્વારા સતત નિશાન બનાવવામાં આવતા વિસ્તારમાં ચકચાર મચી છે. નનામી ચિઠ્ઠીઓ મારફતે ખંડણીની માંગણી ઉપરાંત પરિવારને નુકસાન પહોંચાડવાની ધમકીઓ આપવામાં આવી હોવાની ફરિયાદ બાદ નવસારી રૂરલ પોલીસે અજાણ્યા શખ્સ સામે ગુનો નોંધી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

ફરિયાદ મુજબ દિનેશભાઈ રતનજી આહિરના પરિવારને ઓગસ્ટ મહિનાથી ધમકીભરી ચિઠ્ઠીઓ મળવાની શરૂઆત થઈ હતી. રાત્રે ઘરની પાછળથી પથ્થર ફેંકીને બારીનો કાચ તોડવામાં આવ્યો હતો. ત્યારબાદ ઘરની દીવાલ તથા રૂમાલ પર લખાણ કરીને રૂપિયા 5 લાખની ખંડણી માંગી પરિવારને નુકસાન પહોંચાડવાની ધમકી અપાઈ હતી. બાદમાં ઘરના દરવાજા પાસે પ્લાસ્ટિકની થેલીમાં ચિઠ્ઠી મૂકી ખંડણીની માંગણી વધારીને રૂપિયા 10 લાખ કરી દેવામાં આવી હતી.

વાડામાં આગ લગાવ્યા બાદ મામલો ગંભીર બન્યો

ધમકીનો સિલસિલો સપ્ટેમ્બરમાં પણ ચાલુ રહ્યો હતો. 7 સપ્ટેમ્બરે ઘરના વાડામાં જ્વલનશીલ પદાર્થ છાંટી આગ લગાવવાની ઘટના બની હતી. સ્થળેથી ફરી ધમકીભરી ચિઠ્ઠી મળી આવી હતી. ત્યારબાદ ફોન મારફત ગામના કોઈ વ્યક્તિને જાનથી મારી નાખવાની ધમકી આપી ફોન મૂકવા દબાણ કરાયું હોવાની ફરિયાદમાં નોંધ છે.

CCTVથી ચિઠ્ઠી મૂકનાર સુધી પહોંચવાની કવાયત

નવસારી ગ્રામ્ય પોલીસ CCTV કેમેરાના ફૂટેજની તપાસ કરી રહી છે. પોલીસ દ્વારા પરિવાર સાથે સંકળાયેલા લોકો, આસપાસની અવરજવર તથા અગાઉના વ્યવહારો અંગે પણ માહિતી એકત્ર કરવામાં આવી રહી છે. પોલીસ ઇન્સ્પેક્ટર વી.જી. ભરવાડના જણાવ્યા મુજબ હાલ તપાસ ચાલુ છે અને ઘટનાની તમામ સંભવિત કડીઓ તપાસવામાં આવી રહી છે.

જમીન વ્યવહારથી લઈને અંગત અદાવત સુધી તપાસ

પ્રાથમિક તપાસમાં જમીન લેવડ-દેવડ, નાણાકીય વ્યવહાર તથા જૂના અંગત વિવાદો સહિતના પાસાઓ પણ પોલીસ તપાસના દાયરામાં છે. સ્થાનિક વ્યક્તિની સંડોવણીની શક્યતા પણ ચકાસવામાં આવી રહી છે, જોકે હાલ કોઈ ચોક્કસ વ્યક્તિ અંગે પોલીસ દ્વારા સત્તાવાર રીતે કંઈ જાહેર કરવામાં આવ્યું નથી. હવે પોલીસ માટે પડકાર એક જ છે. નનામી ચિઠ્ઠીઓ પાછળ કોણ છે અને પરિવારને સતત ધમકી આપવાનો હેતુ શું છે?

ડ્રગ્સના જથ્થા સાથે પકડાયેલી બોટ નારગોલ લાવવામાં આવી

બોટમાંથી 3000 કરોડના ડ્રગ્સ સાથે 5 પાકિસ્તાની ઝડપાયા હતા

બોટને મુંબઈ અને નારગોલ જેટી ખાતે સુરક્ષિત લાવવામાં આવી

ઉમરગામ : ગુજરાત ATS અને કોસ્ટગાર્ડ દ્વારા અંદાજે રૂપિયા 3000 કરોડની કિંમતના ડ્રગ્સના મોટા જથ્થા સાથે એક બોટ અને પાંચ પાકિસ્તાની નાગરિકોને લક્ષદ્વીપ પાસે દરિયામાંથી પકડી પાડ્યા હતા. આ બોટને ઉમરગામના નારગોલ દરિયા કિનારે જેટી ખાતે લાવવામાં આવી હતી.

ગુજરાત એન્ટિ ટેરેરિસ્ટ સ્કવોડ (ATS)ને બાતમી મળી હતી કે દરિયાઈ માર્ગે ભારતમાં ડ્રગ્સનો મોટો જથ્થો ઘુસાડવામાં આવી રહ્યો છે. આ બાતમીના આધારે ગુજરાત એટીએસ, કેન્દ્રીય ઈન્ટેલિજન્સ એજન્સી અને ભારતીય કોસ્ટ ગાર્ડની ટીમે સંયુક્ત ઓપરેશન હાથ ધરી 25 સપ્ટેમ્બર 2026 ના રોજ અરબી સમુદ્રમાં લક્ષદ્વીપ નજીકથી એક આઝાદ નામ ધરાવતી એક શંકાસ્પદ ઈરાની બોટ ઝડપી પાડી હતી આ બોટમાંથી 500 કિલોથી વધુનો ડ્રગ્સનો અંદાજે રૂપિયા 3000 કરોડનો જથ્થો ઝડપી પાડી બોટમાં સવાર પાંચ જેટલા પાકિસ્તાની નાગરિકોની અટક કરી હતી. આ બોટને મુંબઈ લાવવામાં આવી હતી અને ત્યાંથી ગુજરાતના દરિયા કિનારે ઉમરગામ તાલુકાના નારગોલ જેટી ખાતે સુરક્ષિત લાવવામાં આવી છે. મરીન પોલીસ અહીં સુરક્ષામાં તૈનાત રહેશે.



વલસાડ-સુરત વચ્ચે નવી મેમુ ટ્રેનનો શુભારંભ કરાયો

સાંસદે રેલવે સ્ટેશનથી લીલી ઝંડી આપી ટ્રેનને પ્રસ્થાન કરાવ્યું

ટ્રેનનો સમય સવારે 11:00 વાગ્યાનો કરવા રેલવે મંત્રીને રજૂઆત

વલસાડ : વલસાડથી સુરત વચ્ચે નવી મેમુ ટ્રેન મંજૂર કરવામાં આવી છે. જેને વલસાડ રેલવે સ્ટેશન ખાતે આયોજિત એક કાર્યક્રમમાં વલસાડ-ડાંગના સાંસદ અને લોકસભાના દંડક ધવલભાઈ પટેલ, સહિત હોદેદારોએ લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું.

આ પ્રસંગે સાંસદ ધવલભાઈ પટેલે જણાવ્યું હતું કે, વલસાડ અને સુરત વચ્ચે દરરોજ હજારોની સંખ્યામાં નોકરિયાતો, વિદ્યાર્થીઓ અને પાસ હોલ્ડરો આવન-જાવન કરે છે. આ નવી મેમુ ટ્રેન શરૂ થવાથી મુસાફરોના સમયની બચત થશે અને દૈનિક આવાગમન વધુ સરળ, ઝડપી અને સુવિધાજનક બનશે. નવી શરૂ થયેલી મેમુ ટ્રેનનો સમય કોરોના મહામારી પહેલાના સમય મુજબ સવારે ૧૧:૦૦ વાગ્યાનો કરવામાં આવે, જેથી મુસાફરોને મહત્તમ લાભ મળી શકે, તે અંગે કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવને રજૂઆત કરવામાં આવી છે. આ ઉપરાંત વલસાડ સંસદીય વિસ્તારના વિવિધ રેલવે સ્ટેશનો પર પ્રવાસી સુવિધાઓ વધારવા સંદર્ભે પણ રેલવે મંત્રાલય સમક્ષ સક્રિય રજૂઆતો કરવામાં આવી છે. ધારાસભ્ય સહિત હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.



સંક્ષિપ્ત સમાચાર

વાપીમાં નાણાં મંત્રીએ મહાત્મા ગાંધીને પુષ્પાંજલિ અર્પિત કરી

વાપી : પૂજ્ય મહાત્મા ગાંધીજીની જન્મ જયંતી નિમિત્તે શુક્રવારે વાપી GIDC ગાર્ડન સ્થિત મહાત્મા ગાંધીની પ્રતિમા પર સૂતરની આંટી તેમજ પુષ્પાંજલિ અર્પિત કરી પૂજ્ય બાપુને યાદ કરવામાં આવ્યા હતાં. નાણાં મંત્રી કનુભાઈ દેસાઈ દ્વારા પોતાના મત વિસ્તાર વાપી નોટીફાઇડ સ્થિત ગાંધીજીની પ્રતિમા સ્થિત બગીચામાં સ્વછતા અભિયાન હાથ ધરી પ્રતિમા પર સૂતરની આંટી ચઢાવવામાં આવી હતી. આ પ્રસંગે વાપીના મેયર દક્ષાબેન, વાપી મહાનગરપાલિકા કારોબારી અધ્યક્ષ સતિષ પટેલ, વાપી શહેર ભાજપ પ્રમુખ મનીષ દેસાઈ, નોટિફાઇડ ભાજપ પ્રમુખ અમન ત્રિવેદી, વલસાડ જિલ્લા લઘુ ઉદ્યોગ ભારતી પ્રમુખ મેહુલ પટેલ સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતાં.



ચીખલીની એ.બી.સ્કૂલમાં રોબોટિક્સ લેબનું ઉદ્ઘાટન

ઘેજ : ચીખલી સ્થિત એ.બી.સ્કૂલના વિદ્યાર્થીઓમાં વિજ્ઞાન અને ટેક્નોલોજી પ્રત્યે સુરુચિ કેળવાય તે હેતુથી અત્યાધુનિક રોબોટિક લેબનું ઉદ્ઘાટન મહાનુભાવોના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. આ લેબમાં વિદ્યાર્થીઓ રોબોટિક્સ, કોડિંગ અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ જેવા આધુનિક વિષયોનું પ્રેક્ટિકલ જ્ઞાન મેળવી શકશે. આ પ્રસંગે શાળાના ટ્રસ્ટી નિર્મલભાઈ પટેલ અને આચાર્ય પ્રીતીબેન વણકરે જણાવ્યું હતું કે આ લેબથી બાળકોમાં નવી શોધ અને સંશોધનની ભાવના વિકસશે અને તેઓ ભવિષ્યની ટેક્નોલોજી માટે સજ્જ થશે. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં શિક્ષકો વાલીઓ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.



બીલીમોરાની લાઇબ્રેરીમાં ગાંધી જયંતી નિમિત્તે વ્યાખ્યાન યોજાયું

બીલીમોરા : બીલીમોરાની જે.બી.પીટીટ લાઇબ્રેરી હોલમાં ગાંધી જયંતી નિમિત્તે ગાંધીજીવન પર વિશિષ્ટ વ્યાખ્યાન યોજાયું હતું. પાલિકા પ્રમુખ મનીષ પટેલે ગાંધી મૂલ્યો આજના સાંપ્રત સમયમાં કઈ રીતે દોરવ ણી આપે છે તે સમ જાવ્યું હતું. વક્તા બી લી મોરા શ્રીરંગ મહાવિદ્યાલયના પ્રાધ્યા પિકા ડો. શીતલ વસાવા એ ગાંધીજીના જીવનના પ્રેરક પ્રસંગો, આઝાદી ચ ળવળમાં ગાંધીજીનું નેતૃત્વ, તથા મૂલ્ય દ્વારા સમાજ જીવન તેમજ આઝાદ ભારતના શિલ્પી તરીકે પ્રેમ, કરુણા, સત્ય અને અહિંસા જેવા ગાંધી વિચારને જીવનમાં અમલમાં લાવી આધુનિક ભારતના નિર્માણમાં ગાંધીજી મૂલ્યોનો વિશિષ્ટ ફાળો જેવા જુદા જુદા પ્રસંગોને ટાંકી દેશના ઘડતરમાં ગાંધી મૂલ્યોનું મહત્વ સમજાવ્યું હતું. આ પ્રસંગે ટ્રસ્ટી ગોવિંદભાઈ, અપેક્ષાબેન રાઠોડ, હરીશ ટંડેલ તેમજ અન્યોનો સહયોગ રહ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડો. ભરત છીમ્પી દ્વારા કરવામાં આવ્યું હતું.



ડાંગ જિલ્લામાં વધુ સાત બસનું લોકાર્પણ

સાપુતારા : ડાંગ જિલ્લાના જનજાતિ વિસ્તારોમાં પરિવહન સુવિધાને વધુ સુલભ અને સશક્ત બનાવવા માટે ભગવાન બીરસા મુંડા જનજાતીય ગૌરવ પરિવહન બસ સેવા અંતર્ગત ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમની વધુ ૭ નવી બસોનું આહવા ખાતે ડાંગના ધારાસભ્ય વિજય પટેલના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખ રાજેશ ગામીત, ડાંગ જિલ્લા ભાજપા પાર્ટી પ્રમુખ સુરેશ ચૌધરી, ડેપો મેનેજર ગૌસ્વામી તેમજ અન્ય આગેવાનો, પદાધિકારીઓ અને મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.



ચીખલીના હોન્ડ ગામે પ્રેમસંબંધની શંકામાં જંગ

કુહાડી અને લાકડાના ફટકાથી હુમલો થતા સામસામી ફરિયાદો નોંધાઈ

ઘેજ : ચીખલી તાલુકાના હોન્ડ ગામે પ્રેમસંબંધની શંકાને કારણે લોહિયાળ અથડામણ સર્જાઈ છે. હોન્ડ ગામના ભાઠિયા ફળિયામાં રહેતા ૪૫ વર્ષીય ખંડુભાઈ હળપતિ મંગળવારની રાત્રે ફળિયામાં રહેતી મંગીબેનના ઘરે બેઠા હતા. તે દરમિયાન ત્યાં આવેલા રાજુ સુમન હળપતિએ મારી વિધવા ભાભી સાથે આડા સંબંધ કેમ રાખો છો તેમ કહી બોલાચાલી કરી હતી. ઉશ્કેરાયેલા રાજુએ કુહાડીથી ખંડુભાઈના કપાળ તથા ખભાના ભાગે ઘા માર્યો હતો. બૂમાબૂમ થતાં લોકો ભેગા થઈ જતા ઈજાગ્રસ્તને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. પોલીસે આ માલે હત્યાના પ્રયાસનો ગુનો નોંધ્યો છે. સામાપક્ષે રાજુ સુમનભાઈ હળપતિએ પણ સામસામી ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે, ખંડુભાઈને તેમની ભાભી સાથેના સંબંધ અંગે અગાઉ પણ શંકા હતી. આ બાબતે બોલાચાલી થતાં ખંડુભાઈએ લાકડાના ફટકા વડે હુમલો કરી નાક પર ફેક્ચર કરી દીધું હતું. પોલીસે બંને પક્ષોની ફરિયાદના આધારે ગુનાહિત નોંધ કરી પીએસઆઈ આર.એન. વાડલેની આગેવાનીમાં વધુ તપાસ હાથ ધરી છે.

કચીગામમાં જનતાના નાણાંથી બનેલો ગાર્ડન વર્ષોથી બંધ

ગાર્ડનને સામાન્ય જનતા માટે ખુલ્લો મૂકવાની કોંગ્રેસની માંગ

દમણ : દમણ અને દીવ પ્રદેશ કોંગ્રેસ કમિટી દ્વારા પ્રશાસનને રજૂઆત કરવામાં આવી છે કે કચીગામ ગાર્ડનને સામાન્ય લોકો માટે તાત્કાલિક પુનઃખોલવામાં આવે. જનતાના નાણાંથી બનેલા આ જાહેર ઉદ્યાનનો ઉપયોગ છેલ્લા કેટલાક વર્ષોથી સામાન્ય નાગરિકો કરી શકતા નથી.

આ પરિસરનો ઉપયોગ હાલ એક ખાનગી સંસ્થા દ્વારા રિસોર્ટ તરીકે કરવામાં આવી રહ્યો છે. કોંગ્રેસે પ્રશાસન પાસે માંગ કરી છે કે આ લાયસન્સ કયા આધારે, કેટલી અવધિ માટે અને કઈ શરતો પર આપવામાં આવ્યું છે તેની સ્પષ્ટ માહિતી જાહેર કરવામાં આવે. કોંગ્રેસે જણાવ્યું હતું કે જે ઉદ્યાનનું નિર્માણ જનતાના પૈસાથી થયું હોય, ત્યાંથી જ જનતાને બહાર રાખી શકાય નહીં. પ્રવાસન વિકાસ આવકાર્ય છે, પરંતુ તેના નામે સ્થાનિક નાગરિકોને મનોરંજનની સુવિધાઓથી વંચિત ન રાખવા જોઈએ. પ્રદેશ કોંગ્રેસ કમિટીએ ગાર્ડનમાં પ્રવેશનો સમય અને નિયમો સ્પષ્ટપણે જાહેર કરવાની સાથે કરારની શરતો જાહેર કરવા ભાર મૂક્યો છે. કોંગ્રેસે સ્પષ્ટ કર્યું છે કે તેઓ જવાબદાર પ્રવાસન વિકાસના પક્ષમાં છે, પરંતુ જાહેર સંસાધનોનો ઉપયોગ માત્ર જનહિતમાં જ થવો જોઈએ. પ્રશાસને ત્વરિત પગલાં લઈને કચીગામ ગાર્ડનમાં સામાન્ય જનતાનો પ્રવેશ પુનઃબહાલ કરવો જોઈએ.

ચીખલીના વાણીયાવાડની યુવતીનો ગળેફાંસો ખાઈ આપઘાત

ઘેજ : ચીખલીના વાણીયાવાડ ખાતે રહેતી યુવતીએ અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતુ. બનાવની પોલીસ મથકેથી પ્રાપ્ત માહિતી અનુસાર ચીખલીના વાણીયાવાડ સ્થિત જોગેશ્વરી માતાના મંદિર પાસે રહેતી રબીના સંદીપભાઈ ચૌધરી ગુરૂવારની સાંજના સમયે રસોડામાં પંખા સાથે સાડી વડે ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવી લેતા બનાવ અંગેની ફરિયાદ મરનારના પતિ સંદીપ ચૌધરી (ઉ.વ-૨૨) એ કરતા પોલીસ અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ ડીવાયએસપી-ભગિરથસિંહ ગોહિલ કરી રહ્યા છે.

વાપીના છીરીમાં જૂની અદાવત રાખી સુપરવાઈઝર પર ચપ્પુથી હુમલો

વાપી : વાપીના ડુંગરા પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, મૂળ ઝારખંડના અને હાલ વાપીના છીરી રામનગરમાં રહેતા જીતેન્દ્રકુમાર શાહ અને જીઆઈડીસીની કંપનીમાં સુપરવાઈઝર તરીકે નોકરી કરતા ઉમેશકુમાર યાદવ સાથે રહે છે. ગત ૧ ઓક્ટોબરે સાંજે બ્રિજેશ મહેન્દ્ર દિવાકરે ઉમેશ સાથે અગાઉ થયેલી બોલાચાલીની અદાવત રાખી ઝઘડો કર્યો હતો. મામલો શાંત થયા બાદ થોડી જ મિનિટોમાં બ્રિજેશ ચપ્પુ લઈને આવ્યો હતો અને ઉમેશના પેટ તથા છાતીના ભાગે ઘા મારી દીધા હતા. આસપાસના લોકોએ ભેગા થઈને ઈજાગ્રસ્ત ઉમેશને તાત્કાલિક રીક્ષામાં વાપી હોસ્પિટલ ખસેડ્યા હતા. આ મામલે જીતેન્દ્રકુમારે વાપી ટાઉન પોલીસ મથકે હુમલાખોર બ્રિજેશ દિવાકર સામે ફરિયાદ નોંધાવી છે.

આશાનગર ફળિયામાં હલકી ગુણવત્તાવાળા કામ સામે સ્થાનિકોમાં રોષ

વઘઈમાં સી.સી. રોડના નિર્માણમાં ભ્રષ્ટાચાર

માટીયુક્ત રેતી અને નબળા સિમેન્ટનો ઉપયોગ કરી વેઠ ઉતારાઈ રહી છે

સરપંચ, તલાટી અને ઇજનેર સામે ઉચ્ચ સ્તરીય તપાસની માંગ

સાપુતારા : ડાંગ જિલ્લાના વઘઈ તાલુકામાં વઘઈ ગ્રુપ ગ્રામ પંચાયતના આશાનગર ફળિયામાં સરપંચ સિદ્ધુબેન ભોયે દ્વારા બનાવવામાં આવી રહેલા સી.સી. રોડના નિર્માણમાં મોટો ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો હોવાનો ચોંકાવનારો આક્ષેપ સામે આવ્યો છે. પ્રજાની સુવિધા અર્થે લાખો રૂપિયાનું આંધણ કરવામાં આવી રહ્યું હોવા છતાં, સ્થળ પર માત્ર વેઠ ઉતારીને અત્યંત હલકી ગુણવત્તાવાળો રોડ બનાવવામાં આવી રહ્યો છે. જેને લઈને સ્થાનિક જાગૃત નાગરિકો અને આગેવાનોમાં ભારે આક્રોશ વ્યાપી ગયો છે.

મળતી માહિતી મુજબ, આશાનગર ફળિયામાં નિર્માણધીન સી.સી. માર્ગના કામમાં પાયાની ગુણવત્તાના તમામ નિયમોને નેવે મૂકવામાં આવ્યા છે. રોડના નિર્માણમાં ધૂળવાળી રેતી તેમજ માર્ક વગરના અથવા હલકી કક્ષાના સિમેન્ટનો ઉપયોગ થઈ રહ્યો છે. જમીન પર યોગ્ય બેઝ તૈયાર કર્યા વગર જ જેવો-તેવો માલ-મટીરિયલ પાથરીને માત્ર નામ પૂરતી કામગીરી કરાઈ રહી છે. આ ઉપરાંત, નિયમ મુજબની સી.સી. રોડની થિકનેસ (જાડાઈ) પણ જાળવવામાં આવી નથી, જેના કારણે આ રોડ પ્રથમ વરસાદમાં જ ધોવાઈ જવાની પૂરી શક્યતા છે.

આ સમગ્ર ભ્રષ્ટ નિર્માણમાં સરપંચ સિદ્ધુબેન ભોયે, તલાટી-કમ-મંત્રી કેતન પવાર અને તાલુકા પંચાયતના ઈજનેર આશિષ ભોયેની શંકાસ્પદ ભૂમિકા સામે આવી છે. ઈજનેર દ્વારા સ્થળ પર જઈને કોઈ જ ટેકનિકલ સુપરવિઝન કરવામાં આવતું નથી. જવાબદાર અધિકારીઓ માત્ર ટકાવારીમાં વ્યસ્ત રહી સ્થળ તપાસ ટાળી રહ્યા છે, જેથી કોન્ટ્રાક્ટર બેફામ બન્યા છે.



તાલુકા વિકાસ અધિકારીને રજૂઆત

ગામના જાગૃત આગેવાનો દ્વારા આ અંગે વઘઈ તાલુકા વિકાસ અધિકારી (TDO) ને મૌખિક રજૂઆતો કરવા છતાં તંત્ર કુંભકર્ણની નિદ્રામાં પોઢી રહ્યું હોય તેમ લાગી રહ્યું છે. સ્થાનિક રહીશોની માંગ છે કે આ માર્ગના નિર્માણ કાર્યની ઉચ્ચ સ્તરીય નિષ્પક્ષ તપાસ કરવામાં આવે, સેમ્પલ લઈ લેબોરેટરી ટેસ્ટ કરાય અને ભ્રષ્ટાચારમાં સંકળાયેલા જવાબદારો સામે સખત કાર્યવાહી કરીને ગુણવત્તાયુક્ત નવો રોડ બનાવવામાં આવે.